Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# શ્રી પ્રમુખસ્વામી મહારાજનું શિક્ષણદર્શન

ગૌરાંગ આર. પટેલ
M.Sc., M.Ed., GSET. રીસર્ચ સ્કોલર,ગુજરાત યુનિવર્સીટી, નવરંગપુરા,અમદાવાદ.

સારાંશ: શ્રીપ્રમુખસ્વામી મહારાજ બોચાસણવાસી શ્રીઅક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા BAPS ના આધ્યાત્મિક વડા સંત છે. તેઓના વિચારોમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શિક્ષણક્ષેત્રને સ્પર્શતા વિચારો રજૂ કરવામાં આવ્યા છે. સ્વામીશ્રી શિક્ષણનો અર્થ સમજાવતા કહે છે કે, 'બીજાનું ભલુ કરી શકે એ જ સાચી વિદ્યા છે.' સ્વામીશ્રી વ્યક્તિત્વના વિકાસ સાથે સામાજિક ગુણોની ખિલવણીને પણ શિક્ષણ માં મહત્વ આપે છે. સ્વામીશ્રી ધર્મશિક્ષણની હિમાયત કરતા, ખોટી માન્યતાઓ અને અંધશ્રધ્ધા જેવી બાબતોનો અસ્વીકાર કરે છે. વેદ, ઉપનિષદ, ભગવદગીતા, રામાયણ જેવા ધર્મગ્રંથોનું શિક્ષણ આપવાનું જણાવે છે. સ્વામીશ્રી અનૌપચારિક કેળવણીના હિમાયતી છે, છતાં ઔપચારિક શિક્ષણને પણ તેઓ આદર આપે છે. આ ઉપરાંત તેઓ સંપૂર્ણ માનવઘડતર માટે શારીરિક વિકાસ અને માનસિક વિકાસ માટે નિયમિત કસરત અને યોગાસન કરવા માટે બાળકોને પ્રેરે છે. સ્વામીશ્રી શાશ્વત મૂલ્યોનો સ્વીકાર કરતા કહે છે કે, આધ્યાત્મિકતામાં આધુનિકતાનો ઉપયોગ કરો, પણ મૂલ્યના ભોગે નહિ, મૂલ્યોના આદર વિના વિશ્વાશાંતિ નથી. સ્વામીશ્રી કહેતા હતા કે શિક્ષકોમાં સંસ્કાર, સદાચાર, નીતિ નિયમો, પ્રામાણિકતા, આત્મિયતા જેવા ગુણો જરૂરી છે. આવા ગુણો શિક્ષકમાં ન હોય તો બાળકોમાં આવા ગુણનું સિંચન ન થઈ શકે. સ્વામીશ્રીના મતે વિદ્યાપ્રાપ્તિ માટે વિદ્યાર્થી તપ કરે, સાદાઈથી જીવન જીવે, વ્યસનોથી દૂર રહે, સંયમિત જીવન જીવે તો મન એકાગ્ર થશે અને અભ્યાસમાં વધુ ધ્યાન આપી શકશે. સ્વામીશ્રીના મતે માતા પિતા એ બાળકો માટે સમય કાઢવો જ જોઈએ નહિતર સંતતિ અને સંપતિ બંને ગુમાવવી પડશે. બાળકોમાં સંસ્કારોનું ઘડતર કરવાની સૌપ્રથમ જવાબદારી માતા પિતાની છે.માતા પિતા એ સમયની સાથે સાથે બાળકોને સ્નેહ,મમતા,વાત્સલ્ય અને પ્રેમ પણ આપવો જોઈએ.ચારિત્ર્ય વિશે સ્વામીશ્રી કહેતા કે, ચારિત્ર્યનું શિક્ષણ આપી ચારિત્ર્યવાન યુવાનો તૈયાર કરવા જોઈએ જેથી દુનિયાના કોઈ પણ ખૂણો કોઈપણ પરિસ્થિતિમાં પાછો ન પડે. ચારિત્ર્ય વગરનું શિક્ષણ લોકોનો વિનાશ નોતરે છે.

પ્રસ્તાવના:-

યુગોની મહેનત બાદ માનવ જાતે જે પ્રાપ્ત કર્યું તેનો પાયો 'ચિંતન' અને 'શિક્ષણ' છે. સમયના વહેણ સાથે 'ચિંતન' અને 'શિક્ષણ' માં બદલાવ આવતો રહે છે એવા તન કારી શકાય નહી. સમયના બદલતા પ્રવાહ સાથે 'ચિંતન' અને 'શિક્ષણ' ના પ્રવાહને આધુનિક રાખવો એ વર્તમાન સમયની માંગ છે. આ 'ચિંતન' અને 'શિક્ષણ' ના પ્રવાહને આધુનિક રાખવા યુગોથી અનેક ચિંતકોએ અને કેળવણીકારોએ પ્રયત્નો કર્યા છે. વર્તમાન યુવા પેઢીના ઉત્કર્ષ માટે સદા તત્પર અને પ્રયત્નશીલ રહેલા શ્રીપ્રમુખસ્વામી મહારાજ આવા કેળવણીકાર

સંત છે. તેમના શૈક્ષણિક વિચારો લખાયેલા પુસ્તકો, પ્રકાશિત લેખો અને સામાયિકોના આધારે પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

- સંશોધન પદ્ધતિ :-

શ્રીપ્રમુખસ્વામી મહારાજના શૈક્ષણિક વિચારોના અભ્યાસ માટે તેમના લખાયેલા પુસ્તકો, પ્રકાશિત લેખો અને સામાયિકોના આધારે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પદ્ધતિને દસ્તાવેજી સર્વેક્ષણ પદ્ધતિ પણ કહેવામા આવે છે. જેમાં લખાયેલા પુસ્તકો, પ્રકાશિત લેખો અને સામાયિકોની માહિતીનું અનાત્મલક્ષી સુવ્યવસ્થિત વિશ્લેષણ કરવામાં આવે છે.

- શિક્ષણનો અર્થ:-

શ્રી પ્રમુખસ્વામી મહારાજ શિક્ષણને ખુબ જ સૂક્ષ્મ અને વ્યાપક સ્વરૂપે જુએ છે.તેમના મને સમગ્ર જિંદગીના સારરૂપ નીતિ અને સદાચારરૂપી શિક્ષણ જ માણસને મનુષ્ય બનાવે છે. તેમના મને તો ‘જે બીજા નું ભલું કરી શકે એજ સાચી વિદ્યા છે.’ આપણી પરંપરાના મૂળમાં રહેલી વાત સ્વામીશ્રી માને છે કે, ‘બીજા ના ભલામાં આપણું ભલું છે.’

સ્વામીશ્રીના મતે સંસ્કાર વગરનું ભણતર અધોગતિ તરફ લઈ જાય છે.આજના શિક્ષણની મર્યાદા જણાવતાં સ્વામીશ્રી કહે છે કે,‘આજે શિક્ષણમાં ધર્મનું જ્ઞાન અપાતું નથી,આવું શિક્ષણ સાચું શિક્ષણ નથી.’ જીવનને જાગૃતિ બક્ષે એ જ શિક્ષણ છે. સદાચારની વાતો શિક્ષણમાં ઘટી જવાથી તેજસ્વી, મેધાવી બાળકો સમાજને પ્રાપ્ત થતાં નથી.

- શિક્ષણનું સ્વરૂપ (કેળવણીનું સ્વરૂપ) :-

સ્વામીશ્રીના મતે બ્રહ્મવિદ્યા (પરાવિદ્યા) અને જીવનનિર્વાહની પૂરક છે. સ્વામીશ્રી ઔપચારિક શિક્ષણને અનૌપચારિક શિક્ષણ એમ બંને પ્રકારના શિક્ષણને મહત્વ આપતા કહે છે કે, જેનાથી પોતે બીજાનું ભલું કરી શકે, જીવનનું કલ્યાણ થાય તે વિદ્યા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે મહત્વની બનેલી ઔપચારિક શિક્ષણ નિશ્ચિત ઉદ્દેશોને દ્રષ્ટિ સમક્ષ રાખી માનવ વર્તનમાં સભાનતાપૂર્વક અને હેતુપૂર્વક પરિવર્તન લાવવા માટે પ્રયત્ન કરવામા આવે છે. જયારે અનૌપચારિક શિક્ષણ જન્મથી મૃત્યુપર્યંત ચાલતી આ કેળવણીમાં ઔપચારિક, અવૈધિક, નિરંતર વગેરે તમામ પ્રકારનું શિક્ષણ આપી જાય છે. આમ ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ સાચા અર્થમાં અનૌપચારિક શિક્ષણનું પૂરક અને પ્રેરક બને એમ કહે છે.

- શિક્ષણના હેતુઓ :-પ્રમુખસ્વામી મહારાજના શિક્ષણના હેતુઓ નીચે પ્રમાણેના મુદ્દાઓ પરથી સમજી શકાય છે.

(૧) જ્ઞાન :- ક્ષણ વગરનો માણસ આંધળો જ કહેવાય એટલેકે અંધ અને અભણ સ્વામીશ્રીની દ્રષ્ટિએ સરખાં છે. તેઓ કહેતા કે અભણ માણસને ગમે ત્યારે કોઈ પણ છેતરી જાય અભણ વ્યક્તિ સાચું શું છે અને ખોટું શું છે તે સમજી શકવા માટે અસમર્થ હોય છે. સ્વયંભૂ કેળવણી દરેક વ્યક્તિને મળે છે. આ કેળવણી દ્વારા વ્યક્તિ આગળ આવે છે. સમાજ માનવજાત માટે વધારે સેવા કરે તે જરૂરી છે. જ્ઞાનપ્રાપ્તિ એ જ શિક્ષણનો હેતુ ન બની રહેતા પ્રાપ્ત થયેલ

જ્ઞાનનો સાધન તરીકે ઉપયોગ કરી માનવી પોતાનો અને સમાજનો વિકાસ કરે અને તેને કલ્યાણના માર્ગે પ્રયોજે એ જ આજના યુગની જ્ઞાન સાધના છે. જ્ઞાનનો ફેલાવો સમાજના અમુક વર્ગોમાં જ થયો છે. પ્રજાનો મોટો ભાગ અજ્ઞાન અને વહેમમાં સબડતો રહે તે મન થવું જોઈએ. જ્ઞાનનું પ્રસરણ સમાજમા વ્યાપક બને અને તમામ વર્ગનીપ્રજા ઉચે આવે એ જ શિક્ષણ દ્વારા જ્ઞાનનો ખરો ઉદ્દેશ છે.

(૨)સંપૂર્ણ માનવ ઘડતર :- શિક્ષણના જુદા જુદા હેતુઓમાં માનવજીવનનાં જુદા જુદા પાસાઓની ખિલવણી પર ભાર મૂકવામાં આવ્યો છે. સ્વામીશ્રીના મતે સંપૂર્ણ માનવઘડતરમાં પાયો બાળકોના સર્વાંગી વિકાસથી થવો જોઈએ. બાળકોના સર્વાંગી વિકાસમાં શારીરિક વિકાસ, માનસિક વિકાસ જળવાઈ રહે તે માટે નિયમિત કસરત અને યોગાસાન બાળકો કરે તેમ સ્વામીશ્રી ઈચ્છે છે.

(૩)મનની કેળવણી :- મનની કેળવણી વિશે સ્વામીશ્રી કહે છે કે, શરીરની તંદુરસ્તી પણ જોઈએ સાથે સાથે મનની તંદુરસ્તી પણ જરૂરી છે. વ્યક્તિમાં સારું-ખોટું કરવાની વૃતિનો ઉદભવ તેના મન માંથી થાય છે. વિચારોની કેળવણી માટે મન પ્રકુલ્લિત હોવુ જોઈએ. શિક્ષણ દ્વારા મનને કેળવાય છે. ગમે તેવી નબળી ઘડી કે કઠણ પરિસ્થિતિમાં માનવ પોતાનું ચારિત્ર્ય અને મૂલ્ય નિષ્ઠા જાળવી રાખે એ મનની કેળવણીનો આશય છે. સ્વામીશ્રી કહે છે, મન અતિશય ચંચળ છે જેમ જેમ સત્સંગ કરશો તેમ મનની સ્થિરતા આવશે. મનની કેળવણીથી જ પ્રેમ, દયા અને નૈતિકતા જેવા ગુણો વિકસાવી શકાય છે.

(૪)શાશ્વત મૂલ્યોનો આદર અને અમલીકરણ :- સ્વામીશ્રી કહેતા હતા કે, આધ્યાત્મિકતામાં આધુનિકતાનો ઉપયોગ કરો પણ મૂલ્યોના ભોગે નહિ. સદગુણો આપણી સાચી સંપતિ છે એ સંપતિને આપણે સાચવવાની છે. આપણા શાશ્વત મૂલ્યોનો આદર અને અમલીકરણ વિના વિશ્વશાંતિ શક્ય નથી આમ, તેઓ આપણી પરંપરા અને મૂલ્યોનું શિક્ષણ બાળકોને આપવાની તરફેણ કરે છે.

- શિક્ષક :-

- સ્વામીશ્રી કહેતા કે શિક્ષકો એ શિક્ષણકાર્યમાં કુશળતા મેળવવી જોઈએ. કર્તવ્ય નિષ્ઠ અને યોગીરૂપ શિક્ષક શિક્ષણના વ્યવસાયમાં ઉત્તમ છે. શિક્ષકમાં શિસ્ત, ક્ષમા અને કર્તવ્યનો ત્રિવેણી સંગમ થાય એટલે શિક્ષણનું સ્તર ઉચું આવશે જેનો લાભ સમાજ અને દેશના વિકાસ માટે મહત્વનો ભાગ ભજવે છે.
- શિક્ષકનું વર્તન શુધ્ધ ઉમદા અને સારુ હોવુ જોઈએ કારણકે શિક્ષકનું જેવું વર્તન હશે તેવી છાપ સમાજમાં પડશે.
- શિક્ષકે શિક્ષણની સાથે સાથે સંસ્કાર, સદાચાર અને ધાર્મિકતાના પાઠો શીખવીને વર્તમાન શિક્ષણમાં વર્તાતી ખોટને પૂરી કરવા જણાવે છે.
- સાચા શિક્ષણમાં આપણાં ધર્મના મૂળ સંસ્કારો છે. આપણી મૂળ સંસ્કૃતિ પશ્ચિમી અસરને લીધે બદલાઈ જાય છે તે માટે શિક્ષકે જાગૃત રહેવાની જરૂર છે.
- શિક્ષકમાં સંસ્કારો, નીતિ-નિયમો, પ્રામાણિકતા, આત્મીયતા, જેવા ગુણો હોવા જોઈએ આવા ગુણ શિક્ષકમાં ન હોય તો બાળકોમાં આવા ગુણનું સિંચન ન થઈ શકે. સ્વામીશ્રીના મતે ઓછી

આવડતવાળો શિક્ષક નિભાવી શકાય પણ સંસ્કાર અને મૂલ્યો ગુમાવેલો શિક્ષક સમાજ અને દેશ માટે હાનિકર્તા છે.

- વિદ્યાર્થી :-

➢ સ્વામીશ્રીના મતે વિદ્યાર્થી જીવન એ તપ છે. વિદ્યા માટે જે સહન કરવું પડે તે ભલે કરવું પડે અત્યારે વિદ્યારૂપી અર્થ પ્રાપ્ત કરવાનો સંકલ્પ રાખવો જોઈએ. વિદ્યાર્થી અવસ્થા વિદ્યા મેળવવાનો સુવર્ણ સમય છે. વિદ્યા મેળવવા માટે તપસ્વીનુ જીવનશુધ્ધ અને ચારિત્ર્યવાન હોવું જોઈએ.

➢ વ્યવસ્થિત પરિશ્રમ કરવા છતાં પણ જો સફળતા ન મળે તો સર્વ કર્તા પરમાત્મા છે. વિદ્યાર્થીઓએ પરમાત્મા પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો જોઈએ. ધાર્યું પરિણામ ન મળવાથી હતાશા, ટેન્શન અને માનસિક તણાવ માંથી મુકત રહી સંયમિત જીવન જીવવું જોઈએ.

➢ એકાગ્ર થયેલુ મન એ વિદ્યાર્થીને પોતાની અંદર રહેલી અજ્ઞાત શક્તિઓ બહાર લાવવામાં મદદરૂપ થાય છે અને આવો એકાગ્રચિત્ત-મનવાળો વિદ્યાર્થી સ્વસ્થ સમાજનો આધાર બની શકે છે.

➢ વિદ્યાર્થીઓએ ગુટખા, પાન-બીડી, તમાકુ જેવા વ્યસનોથી દુર રહેવું જોઈએ.વ્યસનો જીવનને બરબાદ કરી નાખે છે.

➢ સ્વામીશ્રી માનતા હતા કે વિદ્યાર્થી અવસ્થામાં સાદાઈ પૂર્ણ જીવન જીવશો તેટલું ધ્યાન અભ્યાસ અને ભણતરમાં વધુ આપી શકશે. બિનજરૂરી સુવિધા વિદ્યાર્થીનું મન ભણતર માંથી દૂર કરે છે.

➢ સ્વામીશ્રી કહે છે કે વિદ્યાર્થી એ જે કરવું છે તે માં શ્રધ્ધા અને વિશ્વાસ સાથે સતત પ્રયત્ન કરવો જોઈએ પુરૂષાર્થ આગળ ભાગ્ય પણ નમી પડે છે.

- માતા-પિતા (વાલી) :-

➢ સ્વામીશ્રીના મતે બાળકોમાં સંસ્કારનું ઘડતર કરવાની સૌ પ્રથમ જવાબદારી માતા-પિતાની છે. પરંતુ આજે માતા-પિતાને સંસ્કાર આપવા સમય મળતો ન હોય તો બાળકોને બીજેથી સારા સંસ્કાર મળવાના નથી.

➢ સ્વામીશ્રી કહેતા હતા કે ભારતીય સંસ્કાર પોતાની જ ભાષામાં આપવા એ મોટી સમાજસેવા છે. આમ તેઓ માતૃભાષાનું શિક્ષણ પાયાના સંસ્કારોનું સિંચન કરવા માટે ઉત્તમ માધ્યમ છે. આથી માતૃભાષા શીખવવાની જવાબદારી માતા-પિતાની છે.

➢ માતા-પિતાએ બાળકના શિક્ષણમાં સાચો રસ લેવો જોઈએ. પિતા નોકરી કે વ્યવસાયમાં અને માતા ગૃહકાર્યમાં વ્યસ્ત હોય તો સારા ટ્યુશન રાખવાથી કે જરૂર કરતા વધારે ભૌતિક સુવિધા પુરી પાડવાથી માતા-પિતાનું બાળકો પ્રત્યેનું કર્તવ્ય પુરુ થતુ નથી. માતા-પિતા એ બાળકોના શિક્ષણ માટે યોગ્ય સમયનું આયોજન કરવું જોઈએ.

➢ બાળકોને પ્રેમાળ માતા-પિતાની ઝંખના હોય છે જે કે તેમના માટે સ્નેહ, મમતા, વાત્સલ્યની સાથે સમયનું બલિદાન આપી શકતા હોય. દરેક માતા-પિતાને રામ, શંકરાચાર્ય, શ્રવણ જેવા ઉત્તમ સંતાનો જોઈતા હશે તો આપણે પણ ઋષભદેવ, કૌશલ્યા કે જીજાબાઈ જેવા પવિત્ર માતા-પિતા થવું પડશે.

- ચારિત્ર્ય ( સંસ્કાર) :-

નૈતિકતા અને વ્યક્તિગત સામાજિક સદગુણોનો સમૂહ એટલે ચારિત્ર્ય. પ્લેટો, ગાંધીજી, ટાગોર વગેરે જેવા અનેક કેળવણીકારો ચારિત્ર્યનિર્માણને શિક્ષણનો અહં ઉદ્દેશ ગણે છે. ચારિત્ર્ય વિશે સ્વામીશ્રી કહેતા હતા કે, 'ચારિત્ર્ય ગયું તો બધું ગયું' સમાજની અને રાષ્ટ્રની વર્તમાન આ પરિસ્થિતિ થવાનું મૂળ કારણ ચારિત્ર્ય ઓછુ થતું ગયું છે.

- ➢ સ્વામીશ્રી કહેતા હતા કે જે મને સંસ્કાર મળ્યા નથી એ મને વિદ્યા ભણ્યા પછી પણ તેનો દુર ઉપયોગ થાય છે. સ્વાર્થને માટે, લાભ ને માટે, પોતાના હોદ્દાને માટે દુર ઉપયોગ કરે છે. ચારિત્ર્યનો સંબંધ સદાચાર સાથે છે.
- ➢ બાળકોને સાચુ શિક્ષણની સાથે સાથે ચારિત્ર્યનું શિક્ષણ પણ મળવું જોઈએ. જુઠું ન બોલવું, ચોરી ન કરવી, અહિંસા વગેરેને પણ સંસ્કાર સાથે સાંકળે છે.
- ➢ સ્વામીશ્રીની ઈચ્છા હતી કે એવા ચારિત્ર્યવાન યુવાનો તૈયાર થવા જોઈએ કે દુનિયાના કોઈપણ ખૂણે કોઈપણ પરિસ્થિતિમાં પાછો ન પડે. માણસે પૂર્ણત્વની પ્રાપ્તિ કરવી હોય તો ચારિત્ર્યવાન બનવું જ પડે.
- ➢ સંસ્કારી જીવનથી જિંદગીમાં શાંતિ રહે છે, સંસ્કારી એટલે કાળાબજાર ન કરે, જુગાર ન રમે, પ્રામાણિક હોય, વ્યાભિચાર ન કરે જેવા ગુણ હોય તો જીવનપ્રફુલ્લિત અને આનંદિત રહે છે.
- ➢ ચારિત્ર્ય વગરનું શિક્ષણ ભક્ષણ કરે છે એ નહિ હોય તો લોકોનો વિનાશ છે. ચારિત્ર્યવાળુ શિક્ષણ જ સૌની રક્ષા કરે છે.

- સમાપન :-

શિક્ષણ ઉપરાંત વિવિધ ક્ષેત્રો પરના શ્રી પ્રમુખસ્વામી મહારાજના વિચારો,વિવિધ પ્રયોગો, પ્રવૃતિઓ, શિબિરો, અધિવેશનો વગેરે વિદ્યાર્થી-યુવાજાગૃતિ અને સમાજ ઉન્નતિ માટેના તેમના પ્રયાસો છે. નવા યુગની નાડ પારખીને પ્રવર્તમાન કાળને અનુરૂપ શિક્ષણ, વ્યસન મુક્તિ, ચારિત્ર્ય, વ્યવહાર અને વ્યવસ્થા પર શ્રી પ્રમુખસ્વામી મહારાજે આપેલ વિચારો અને કરેલા કાર્યો ગુજરાતની, ભારતની અને વિશ્વની પ્રજાને દીર્ઘકાળ સુધી પ્રકાશ, પ્રેરણા અને પ્રોત્સાહન આપતા રહેશે. શ્રી પ્રમુખસ્વામી મહારાજ શિક્ષણ જગતમાં અને તેમના ચાહકો-ભક્તોના હૃદયમાં વિચારો સ્વરૂપે બિરાજમાન રહેશે.

- સંદર્ભ :-


- ➢ ભગવાન સ્વામિનારાયણ. શિક્ષાપત્રી.(૧૪મીઆવૃતિ), અમદાવાદ:સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, ૧૯૯૩.
- ➢ મોહનલાલ પટેલ.પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ, અમદાવાદ : સ્વામિનારાયણ અક્ષરપીઠ,શાહીબાગ, ૧૯૯૫.
- ➢ મુકુલભાઈ કલાર્થી. પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ.(ચતુર્થ આવૃતિ), અમદાવાદ : સ્વામિનારાયણ અક્ષરપીઠ,શાહીબાગ, ૧૯૯૫
- ➢ સાધુ અક્ષરવત્સલદાસ. યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ. અમદાવાદ : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, ૨૦૦૦.
- ➢ સાધુ વિવેકપ્રિયદાસ. યૌવનના સુહૃદ. અમદાવાદ : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, ૧૯૯૪.